# વર્ષીતપની રહસ્યયાત્રા

**પ્રિયમ્**

**अहो श्रुतम्**

બાબુલાલ સરેમલજી

સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪

ahoshrut.bs@gmail.com

# A Journey to the Secrets

Sometimes this happens.

We think

We do તપ.

Actually

We devaluate તપ.

અબજોપતિ માટે કહેવું કે

'એની પાસે તો હજારો રૂપિયા છે' -

Just like this.

Pure devaluation.

Let's try to realise વર્ષીતપ.

What's it exactly ?

How God આદિનાથ did it ?

How can we perform it ?

Come, Let's go to the Secrets of the વર્ષીતપ.

આપણને લાગે છે કે પ્રભુએ દીક્ષા લીધા બાદ ૪૦૦ દિવસ સુધી જે ઉપવાસો કર્યા, એ વર્ષીતપ. We are right. પણ આપણી ભૂલ ત્યાં થાય છે, કે આપણે પ્રભુના તપની આટલી ટૂંકી વ્યાખ્યા - આટલું ટૂંકું સ્વરૂપ-આટલી ટૂંકી ગરિમા કરીને ઈતિશ્રી કરી દઈએ છીએ.

પ્રભુએ આટલું કર્યું. આપણે એકાંતરા ઉપવાસ દ્વારા આટલું કરીએ. બસ, વાત Finish, we won the war. જ્ઞાનીઓ કદાચ કહેશે, **'વત્સ ! હજી તો તારા યુદ્ધનો આરંભ સુદ્ધા થયો નથી.'** જ્યાં સુધી આપણે સાધનાને ખરા અર્થમાં સમજશું નહીં, ત્યાં સુધી આપણે સાધના કરી શકીએ એવી કોઈ જ શક્યતા નથી.

પ્રભુનો તપ હકીકતમાં તેર ભવ પહેલા શરૂ થયો હતો. એ હતો ધન સાર્થવાહનો ભવ. કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં આ 'તપ'નું વર્ણન કરે છે -

**तस्मिन्नौदार्यगाम्भीर्यधैर्यप्रभृतयो गुणाः ।**

**आसन् बीजान्यमोघानि प्रभवाय यशस्तरोः ।।१-१-३९ ।।**

## ઔદાર્ય વર્ષીતપ

પ્રભુનો પહેલો તપ હતો ઔદાર્ય... ઉદારતા. ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી વસંતપુર નગર તરફ ધન સાર્થવાહે પ્રયાણ કરવાનું હતું. પોતાના માટે બધી જ વ્યવસ્થા તૈયાર હતી. પોતાની રીતે નીકળીને પોતાની રીતે તે ત્યાં પહોંચી શકત. પણ 'ઔદાર્ય' અને 'પોતાની રીત' આ બંને એક સાથે રહી શકતા નથી. In other Words - ઉદાર આત્માને 'પોતાની રીત' બિલ્કુલ આવડતી જ નથી.

ધન સાર્થવાહ આખા નગરમાં ઢોલ નાદ સાથે જાહેરાત કરાવે છે. 'ધન સાર્થવાહ વસંતપુર નગરમાં જવાના છે, જેમને પણ ત્યાં જવાની ઈચ્છા

હોય, તેઓ તેમની સાથે આવી શકે છે, જેમની પાસે સામગ્રી નહીં હોય, તેમને તે સામગ્રી આપશે. જેમની પાસે વાહન નહીં હોય, તેમને વાહન આપશે. જેમના કોઈ સાથીદાર નહીં હોય, તેમને સાથીદાર આપશે ને જેમની પાસે ભાથું નહીં હોય, તેમને તે ભાથું પણ આપશે. રસ્તામાં ચોરોનો કે જંગલી જાનવરોનો ઉપદ્રવ થાય તો એમનાથી પણ તે બચાવશે, ને જેઓ અશક્ત હશે એમને પણ પોતાના ભાઈની જેમ સાચવશે...'

**पालयिष्यत्यसौ मन्दान् सहगान् बान्धवानिव ॥ १-१-४८ ॥**

આ છે તપ... ઔદાર્ય. 'વર્ષીતપ'નો અર્થ આપણા મનમાં – 'એક ઉત્કૃષ્ટ તપ' છે. આપણને પ્રાયઃ ખબર નથી પણ હકીકતમાં ઔદાર્ય પણ 'એક ઉત્કૃષ્ટ તપ' છે. That means.... For our understanding ઔદાર્ય પણ વર્ષીતપ છે. A = B, C = B, ∴ A = C.

કોઈ લાઈનમાં ઘુસણખોરી કે ધક્કામુક્કી કરવાને બદલે જાતે જ છેલ્લા નંબરને પસંદ કરી લઈએ તો એ વર્ષીતપ છે. ધંધા વગેરેમાં બીજાને પછાડીને ખુશ થવાને બદલે બીજાને ચડાવીને રાજી થઈએ તો એ વર્ષીતપ છે. ભાવતી વસ્તુ ખાઈ જવાના બદલે બીજાને ખવડાવવાનો આનંદ માણીએ તો એ વર્ષીતપ છે. **સંપત્તિના ભાગલામાં સૌથી નાના ભાગની જ અપેક્ષા રાખીએ તો એ વર્ષીતપ છે. અનુકૂળ બેઠક બીજા માટે ખાલી રાખીને આપણે પ્રતિકૂળ બેઠકે બેસી જઈએ તો એ વર્ષીતપ છે. આપણે કરેલા કામનો યશ સહજતાથી બીજાને આપી શકીએ તો એ વર્ષીતપ છે.** કોઈ જરૂરિયાતવાળું હોય, ને આપણે આપણા ખિસ્સા ખાલી કરી દીધા વિના રહી જ ન શકીએ, તો એ વર્ષીતપ છે. આપણી સારામાં સારી વસ્તુ સારામાં સારી સહજતાથી બીજાને આપી શકીએ તો એ વર્ષીતપ છે. કોઈ જ જવાબદારી ન હોવા છતાં 'પરાર્થ' ખુદ આપણને જવાબદારી લાગે તો એ વર્ષીતપ છે.

ધન સાર્થવાહની આ ઔદાર્ય-સંવેદનાને નજર સામે તો લાવો નખશિખ તપોમૂર્તિના દર્શન થશે. ભોજનના ટંકો છોડવા હજી કદાચ સહેલા છે, ભાવની તુચ્છતા છોડવી ઘણી અઘરી છે. આપણા વર્ષીતપમાં ઔદાર્ય ન

હોય એનો અર્થ એ જ છે કે આપણા વર્ષીતપમાં વર્ષીતપ નથી. આપણા વર્ષીતપની વ્યાખ્યા જો આટલી જ હોય – 'ભૂખમરો અને ભાવતા ભોજન.' તો આપણે વર્ષીતપને કશું સમજ્યા જ નથી. જ્ઞાનીઓ કહે છે –

**बाह्यं तपः परमदुश्चरमाचरध्व-**
**माभ्यन्तरस्य तपसः परिबृंहणाय ।**

દુષ્કર... અતિ દુષ્કર... પરમ દુષ્કર એવો પણ બાહ્ય તપ હકીકતમાં અભ્યન્તર તપની પુષ્ટિ માટે કરવાનો છે. **જ્ઞાનસાર** કહે છે –

**तदाभ्यन्तरमेवेष्टं बाह्यं तदुपबृंहकम् ।**

તપ તો આભ્યન્તર જ ઈષ્ટ છે. બાહ્ય તપને એટલા માટે ઉપાદેય ગણવામાં આવે છે કે એ આભ્યંતર તપનો પોષક છે. ઔપપાતિક આગમસૂત્રમાં તો બાહ્ય તપમાં ય આભ્યંતર તપનો વ્યાપ બતાવ્યો છે, દા.ત. ભાવ ઉણોદરી તપ. કષાયોનો ત્યાગ એ ભાવ ઉણોદરી તપ છે.

## ગાંભીર્ય વર્ષીતપ

ધન સાર્થવાહનો... I mean પ્રભુનો બીજો વર્ષીતપ હતો – ગાંભીર્ય. કોઈની ગુપ્ત વાત... કોઈની ભૂલ... કોઈનું પાપ... એમની જાણમાં આવે તો ય એમની વૃત્તિ-પ્રવૃત્તિ એવી હોય, જાણે એમને કશી ખબર જ નથી. 'ગંભીર'ની વ્યાખ્યા બહુ મજાની છે –

**हर्षविषादादावनुपलभ्यमानचित्तविकारः ।**

હર્ષ કે વિષાદ વગેરેની પરિસ્થિતિમાં જેના મનનો ફેરફાર ખબર સુદ્ધા ન પડે. મૂઠીભર મીઠું ગ્લાસના પાણીને સાવ જ ખારું બનાવી દે છે, એટલું જ મીઠું સરોવરમાં નાંખવામાં આવે તો સરોવરને ખબર સુદ્ધા પડતી નથી.

Be સરોવર... Enlarge your - self. નાનું ય સુખ ફુલાવી દે ને

નાનું ય દુઃખ સુકાવી દે તો We are nothing but a glass, A small glass. ગાંભીર્ય means depth.... ઊંડાણ. જેમાં બધું જ સમાઈ જાય. સુખ... દુઃખ... રતિ... અરતિ... હર્ષ... શોક એ બધું હતું કે ન હતું બધું જ સમાન થઈ જાય. This is depth... ગાંભીર્ય. વર્ષીતપ નંબર 2.

એક સેકન્ડમાં રડવું આવી જાય, એક જ સેકન્ડમાં મોઢું હસું હસું થઈ જાય. આ સ્થિતિ કર્મબંધ દ્વારા ભવિષ્યમાં દુઃખી બનાવનારી તો છે જ, વર્તમાનમાં પણ દુઃખી કરનારી છે. સુખ-દુઃખને આપણે આપણા પેટાળમાં ક્યાંય ધરબી દઈએ છીએ ત્યારે આપણે રાજા હોઈએ છીએ. સુખ-દુઃખ આપણા ઉપર રાજ કરતા હોય ત્યારે આપણે ગુલામ હોઈએ છીએ.

તપસ્વીઓને 'શાતા' પૂછવામાં આવે છે, એ સારું છે, પણ એ પૂછવા પાછળ જે ભાવ હોય છે તે પ્રાયઃ સારો હોતો નથી. We think - એમને પ્રાયઃ અશાતા હશે. This is the main point. તપમાં હંમેશા શાતા જ હોય. તપ વિના હંમેશા અશાતા જ હોય. જ્યાં ગંભીરતા છે ત્યાં અશાતા ક્યાંથી હોઈ શકે ? ગંભીરતા એ તો શાતાનો પર્યાય શબ્દ છે. 'તપમાં અશાતા' - આ માન્યતા જ તપનું અજ્ઞાન છે. તપનું અપમાન છે. અને તપનું અવમૂલ્યાંકન છે. યાદ આવે **અષ્ટક પ્રકરણ** -

**विशिष्टज्ञानसंवेग-शमसारमतस्तपः ।**
**क्षायोपशमिकं ज्ञेय-मव्याबाधसुखात्मकम् ॥**

વિશિષ્ટ જ્ઞાન-સંવેગ-પ્રશમનો સાર છે તપ. એ કર્મોદયસ્વરૂપ નથી પણ ક્ષયોપશમસ્વરૂપ છે. એ અશાતા નથી પણ નિર્બાધ સુખ છે.

## ધૈર્ય વર્ષીતપ

પ્રભુ આદિનાથનો ત્રીજો વર્ષીતપ હતો - ધૈર્ય.

**धिया राजते इति धीरः**

માર્ગાનુસારી બુદ્ધિથી શોભાયમાન હોય એ ધીર. ધીરનો સ્વભાવ તે ધૈર્ય. અવળી બુદ્ધિનો અર્થ અકરાંતિયાપણું છે. I mean, બધો જ વિવેક છોડીને ખાવા માટે તૂટી પડવા જેવું છે. માર્ગાનુસારી બુદ્ધિનો અર્થ તપ છે. ઔચિત્ય ચૂકાય જ નહીં, ઐહિક અને પારલૌકિક હિતમાં જ પ્રવૃત્તિ થાય આ ધૈર્યનું પરિણામ છે. જરાક કુનિમિત્ત મળ્યું નથી ને આપણે ગબડી પડ્યા નથી આ ધૈર્યની ખામી હોય છે. કુનિમિત્તોને સતત નિષ્ફળ બનાવતા જઈએ તો એ અખંડ વર્ષીતપ છે. યાદ આવે **સંસારદાવા સ્તુતિ** -

**नमामि वीरं गिरिसारधीरम्**

પ્રભુ વીર જે શ્રેષ્ઠ પર્વત-મેરુ જેવા ધીર હતા, એમને મારા નમસ્કાર. પવન લઈ જાય ત્યાં જવું એ અધૈર્ય છે. પ્રભુ લઈ જાય ત્યાં જવું એ ધૈર્ય છે. સતત અન્યાન્ય અશુભમાં ફરવું એ અધૈર્ય છે. શુભ માત્રમાં સદા માટે સ્થિર થઈ જવું એ ધૈર્ય છે.

## અહોભાવ વર્ષીતપ

ધન સાર્થવાહના ભવમાં પ્રભુનો ચોથો વર્ષીતપ હતો - અહોભાવ. ધર્મઘોષ આચાર્ય સાર્થ સાથે આવવા માટે જ્યારે એમની પાસે આવે છે તે ક્ષણનું વર્ણન અહોભાવમય છે. **ससम्भ्रममथोत्थाय**.. ધન સાર્થવાહ અત્યંત આદર સાથે એકદમ ઊભા થઈ જાય છે. હાથ પોતમેળે જોડાઈ જાય છે. માથું સહજપણે ઝુકી જાય છે.

જ્યાં આચાર્ય ભગવંતે પ્રયોજન જણાવ્યું ત્યાં ધન સાર્થવાહના મુખમાંથી શબ્દો સરી પડે છે - '**धन्योऽहम्** - ખરેખર હું ધન્ય થઈ ગયો. ઓ રસોઈયાઓ, અહીં આવો. જુઓ, આપણા મહાભાગ્યથી આ સંતો આપણી સાથે આવશે, રોજ તમારે એમના ભોજન-પાણીનો પ્રબંધ કરવાનો છે.'

આચાર્ય ભગવંતે ધન સાર્થવાહને નિર્દોષ મુનિચર્યાનો અંદાજ આપ્યો ને અહોભાવ આસમાનને આંબ્યો. યોગાનુયોગ એ જ સમયે કોઈએ એમને

પાકી કેરીઓનો થાળ ભેટ આપ્યો. એમના આનંદનો પાર ન રહ્યો... 'ભગવંત, આ તો આપને ચાલશે ને ? કૃપા કરો, આનો સ્વીકાર કરો.'

આચાર્ય ભગવંતના પ્રત્યુત્તરે અહોભાવના ઓર ગુણાકારો કરી દીધા.

**धनोऽवोचदहो ! काऽपि दुष्करव्रतकारिता ।**

**शक्यं दिनमपीदृक्षै-र्भवितुं न प्रमादिभिः ॥**

'અહો ! કેટલું દુષ્કર છે આ વ્રત ! પ્રમાદી જીવો તો એક દિવસ માટે પણ આનું આચરણ ન કરી શકે ને આપ આજીવન...!! અહો...!' This was વર્ષીતપ. વર્ષીતપ માટે જાત ઘસી દેનારા આપણે મહાત્માનો યોગ થતાની સાથે જો અહોભાવમય ન થતા હોઈએ, તો એનો અર્થ એ જ છે કે ૧૦૦૦ની નોટ પાછળ દોડવામાં આપણે પરસેવો પાડીએ છીએ. ને એની પાછળ દોડતા દોડતા જ પગ નીચે ૫૦૦ની બે નોટને કચડીએ છીએ. યાદ આવે **ન્યાયકુસુમાંજલિ** -

**स एष शतं तु शिरच्छेदेऽपि न ददाति विंशतिपञ्चकं तु प्रयच्छति तदत्र किं ब्रूमः ?**

કમાલ છે આ. 'માથું કાપી નાંખો તો ય સો રૂપિયા નહીં આપું. હા, વીશ-વીશની પાંચ નોટો લઈ જાઓ.' શું કહેવું આને ? અક્ષય-તૃતીયાને આપણે કદાચ સમજ્યા છીએ પણ અક્ષય-વર્ષીતપને સમજ્યા નથી. અહોભાવ એ અક્ષય-વર્ષીતપ છે. ગુણ પ્રત્યે, ગુણના સાધન પ્રત્યે, ગુણના ધારક પ્રત્યે, ગુણના દાયક પ્રત્યે, ગુણના પરિચાયક પ્રત્યે ઉછળતો અહોભાવ. જ્યાં સુધી એની ધારા ચાલુ છે ત્યાં સુધી વર્ષીતપ ચાલુ જ છે. અક્ષય વર્ષીતપ... અખંડ વર્ષીતપ.

## સુપાત્રદાન વર્ષીતપ

પ્રભુનો પાંચમો વર્ષીતપ હતો સુપાત્રદાન. નખશિખ શ્રામણ્યના સ્વામી

બે મુનિપ્રવરોને ધન સાર્થવાહ પોતાના રસોડે ખૂબ હોંશથી તેડી લાવ્યા છે. એક એક વસ્તુની વિનંતિ કરતા જાય છે... "ભગવંત !... આ વહોરશો...? તો આ ? આ પણ નહીં ચાલે ? ને આ ? અરે... આ તો ચાલશે ને ?

અરે... ધનસાર્થવાહના રોમે રોમે ફફડાટ છે. શું આ પૂજ્યો એમ ને એમ પાછા ફરી જશે ? શું ઘરે લક્ષ્મી આવવા છતાં ય હું સાવ જ ભિખારી રહી જઈશ ? ધન સાર્થવાહ બહાવરી આંખે આમ-તેમ કલ્પનીય દ્રવ્યને શોધી રહ્યા છે. મહાત્મા એ ભવ્ય-આસન્નસિદ્ધિક જીવની સુપાત્રદાનની પરિણતિનું પોતાની આંખો દ્વારા પાન કરી રહ્યા છે. ત્યાં ધન સાર્થવાહની નજર એક વસ્તુ પર પડે છે.

**ईक्षाञ्चक्रे घृतं स्त्यानं, निजाशयमिवामलम् ॥ १-१-१३८ ॥**

એ હતું થીજેલું ઘી. એકદમ નિર્મળ... વિશુદ્ધ... બરાબર ધન સાર્થવાહના ભાવ જેવું. 'ભગવંત ! આ આપને ચાલશે ?' મુનિપ્રવરોએ હા પાડી ને એની સાથે જ ધન સાર્થવાહના એક એક રોમ ટટ્ટાર થઈ ગયા.

**धन्योऽहं कृतकृत्योऽहं पुण्योऽहमिति चिन्तयन् ।**
**रोमाञ्चितवपुः सर्पिः, साधवे स स्वयं ददौ ॥**

'હું ધન્ય થઈ ગયો... હું કૃતાર્થ થઈ ગયો, હું પવિત્ર થઈ ગયો...' મનના સ્તરે આ સંવેદના છે ને તનના સ્તરે નખશિખ રોમાંચ છે. ઘીનું એ વાસણ મુનિપ્રવરોના પાત્રમાં ઊંધું વાળતા એ ધન સાર્થવાહના દશ્યની કલ્પના તો કરો.... Yes, This is વર્ષીતપ.

મહાત્માનો લાભ ન મળે એ દિવસે સતત કંઈક અધૂરું લાગે. સતત કંઈક ખૂટતું લાગે ને એ દિવસ વાંઝિયો લાગે તો એ અપૂર્તિનો અહેસાસ પણ વર્ષીતપની પૂર્તિ બની શકે છે. **ઉપદેશમાલા** કહે છે - શ્રાવક કદી મહાત્માને ગોચરીની વિનંતી કર્યા વગર રહે નહીં. મહાત્માને અનુકૂળતા હોય તો એ ઘરે લઈ ગયા વગર જંપે નહીં. અરે, ક્યારેક મહાત્મા હોય

જ નહીં, આવે એવી સંભાવના જ ન હોય, તો શ્રાવકને જમવું **અકારું** થઈ પડે. એના માટે પાટલો ને થાળી મંડાઈ હોય, તો ય શ્રાવકનું મન માને નહીં, એ ફરી કોઈ ઝરુખેથી કે અગાશીથી આજુ-બાજુ બધે દૃષ્ટિપાત કરે, કદાચ કોઈ મહાત્મા દેખાઈ જાય તો લાભ મળે.. ને છતાં ય કદાચ કોઈ મહાત્મા ન મળે તો શ્રાવક એક નીસાસો નાંખી દે ને ખટકતા હૃદયે જમે. **असइ य सुविहियाणं भुंजइ कयदिसालोओ ।**

We are thinking about વર્ષીતપ.

# સમાધિ વર્ષીતપ

પ્રભુનો છટ્ઠો વર્ષીતપ હતો સમાધિ. મહાબલ રાજા તરીકેના ભવમાં સ્વયંબુદ્ધ મંત્રી દ્વારા પ્રભુ પ્રતિબોધ પામે છે. રાજપાટ... રાણીઓ... સંપત્તિ બધું જ છોડીને પ્રભુ દીક્ષા લે છે. પોતાનું આયુષ્ય અલ્પ હોવાથી દીક્ષાના દિવસે જ પ્રભુ ચારે આહારના પચ્ચક્ખાણ કરે છે. પ્રભુના એ સાધનાજીવનનો સાર અદ્ભુત શબ્દોમાં રજુ થયો છે -

**असौ समाधिपीयूषहृदमग्नो निरन्तरम् ।**
**अम्भोजिनीखण्ड इव न हि मम्लौ मनागपि ।।**

પ્રભુ સતત સમાધિના અમૃતકુંડમાં ડુબેલા હતા. કમળવન પર ઉપરથી ગમે તેટલો તડકો પડે, પણ ભીતરથી એ એટલું ભીંજાયેલું હોય કે એ મુરઝાય નહીં, ખીલેલું ને ખીલેલું રહે. બાવીશ દિવસના એ અનશનમાં પ્રભુની બરાબર એવી સ્થિતિ હતી.

**भुञ्जान इव भोज्यानि, पेयान्यपि पिबन्निव ।**
**सोऽक्षीणकान्तिरभवन्, महासत्त्वशिरोमणिः ।।**

પ્રભુ જાણે ભરપેટ ખાતા-પીતા હોય એવી હતી એમની દેહની આભા.

સત્ત્વ એમનું પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું. વાત છે સમાધિ-વર્ષીતપની. માત્ર ખાવા-પીવાનું છૂટી જવું એ તો જાનવરોમાં, કીડાઓમાં ને વૃક્ષોમાં ય ઘટી શકે છે. સમાધિ એ વર્ષીતપનો શ્વાસ છે. સમાધિ એ વર્ષીતપનો આત્મા છે.

**सम् + आ + धा** - આ ધાતુથી સમાધિ શબ્દ બન્યો છે.

**सम्** = સમ્યક્ = બાહ્ય કોઈ પણ અપેક્ષાથી રહિતપણે.

**आ** = બધી રીતે = સર્વ પ્રકારોથી પરિપૂર્ણપણે.

**धि** = ધારણા = પોતાને સુખમય-સ્વરૂપે ધારણ કરવું.

સુખની વાસ્તવિકતા માત્ર ને માત્ર સમાધિમાં છે. સુખસ્વરૂપે પોતાની ધારણા તો બધાં ઈચ્છે છે. પણ એમાં જ્યાં બહારની કોઈ અપેક્ષા આવે છે, ત્યાં જ એ સંભવિત સુખને આગ લાગી જાય છે.

**સાધન વગરનું સુખ એ જ સાચું સુખ છે, સંપૂર્ણપણે સ્વાવલંબી સુખ એ જ સાચું સુખ છે. આ સાચા સુખનું બીજું નામ સમાધિ છે.**

એક શ્રીમંત ભારેમાં ભારે સાધનોથી જેટલો સુખી હોઈ શકે, એટલો જ એક ગરીબ સાવ સાદા ને સસ્તા સાધનોથી હોઈ શકે કે ન હોઈ શકે ? યાદ આવે ભર્તૃહરિ -

**वयमिह परितुष्टा वल्कलैस्त्वं च लक्ष्म्या ।**
**सम इह परितोषे निर्विशेषा विशेषाः ॥**
**स तु भवतु दरिद्रो यस्य तृष्णा विशाला ।**
**मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ॥**

અમે ખુશ છીએ અમારા વલ્કલ-વસ્ત્રોથી ને તમે સંપત્તિથી. ખુશી જ્યારે સમાન છે, ત્યારે એ ખુશી શેનાથી છે સસ્તાથી છે કે મોંઘાથી છે એનાથી કોઈ જ ફરક પડતો નથી. હકીકતમાં તો જેને તૃષ્ણા બહુ છે એ ગરીબ છે. **મન જો ખુશ છે તો પછી કોણ શ્રીમંત ને કોણ ગરીબ ? આ બધાં પ્રશ્નો વ્યર્થ બની જાય છે.**

મોંઘા સાધનથી ખુશ થવું... સસ્તા સાધનથી ખુશ થવું... મફત

સાધનોથી ખુશ થવું.... આ ધારામાં ચરમ સીમા અહીં આવે છે - સાધનો વગર ખુશ થવું. આ ચરમની પણ ચરમ સીમા આ આવે છે સાધનો વગર પણ સતત ખુશ જ રહેવું. આ છે વર્ષીતપ નં. ૬ સમાધિ.

ભર્તૃહરિની થિયરી હજી અધુરી હતી. સાધનો સસ્તા હોય કે મોંઘા ખુશી માટે જો એ જરૂરી હોય તો એ ખુશી પરાધીન જ હોવાની. પૂર્ણ છે જિનશાસનની થિયરી. (૦) ઝીરો સાધન, ૧૦૦% ખુશી, સ્વાધીન ખશી, શાશ્વત ખુશી.

**સમાધિને સમજી શકશું તો જ ખરા અર્થમાં તપને સમજી શકશું. સમાધિ વગરનો તપ એ ભીનાશ વગરનું પાણી છે.**

**समाहितः स्मरन् पञ्चपरमेष्ठिनमस्क्रियाम् ।**
**द्वाविंशतिदिनान् कृत्वाऽनशनं स व्यपद्यत ॥ १-१-४५९ ॥**

પૂર્ણ સમાધિ સાથે પંચપરમેષ્ઠી નમસ્કારને યાદ કરતા કરતા બાવીશ દિવસનું અનશન કરીને મહાબલ રાજર્ષિ દેવલોક પામે છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાની એક અદ્‌ભુત કૃતિ છે - **સમાધિસામ્યદ્વાત્રિંશિકા. 'સામ્યોપનિષદ્'** નામના પુસ્તકમાં આ કૃતિ છે સમાધિનું ઊંડાણ અને સમાધિની ઊંચાઈ આ બંને બત્રીશ શ્લોકોની આ નાનકડી કૃતિમાં સમાયેલા છે. ભાવ-વર્ષીતપની આરાધના માટે, સમાધિ - સામ્યની સ્પર્શના માટે આ કૃતિનું રોજ પારાયણ કરવા જેવું છે. સમાધિ એ યોગનું આઠમું અને છેલ્લું અંગ છે. **અભિધાનચિન્તામણિ**માં કલિકાલસર્વજ્ઞ કહે છે -

**समाधिस्तु तदेवार्थमात्राभासनरूपकम् ।**

જ્યાં માત્ર 'તે' જ ભાસ્યા કરે એ છે સમાધિ. જ્યાં પ્રતિભાસ સિવાય કશું જ ન રહે એ છે સમાધિ. વૈદિક ગ્રંથોમાં આને જ બીજા શબ્દોમાં જણાવી છે -

**ध्यानस्य विस्मृतिः सम्यक् समाधिरभिधीयते ।**

ધ્યાનની એ પરાકાષ્ઠા પ્રાપ્ત થાય કે જેમાં સાધક હળવે રહીને પોતાના

સ્તરને ઓર ઉંચકે ને ધ્યાનની ચરમ સીમાથી પણ આગળ વધે. ધ્યાનની સમ્યક્ વિસ્મૃતિ થઈ જાય આનું નામ સમાધિ.

યાદ આવે ઉપનિષદો - **अवेदनं विदुर्योगम् ।**

**પુદ્ગલનો અનુભવ ક્યાંય નીચે રહી જાય એટલી હદે ઉપર ઉઠવું આનું નામ યોગ.** મહાબલ રાજર્ષિનો બાવીશ દિવસનો વર્ષીતપ આ હતો. **समाहितः ।** ફક્ત ચાર અક્ષરની અંદર આખે આખ્ખો મોક્ષમાર્ગ સમાઈ ગયો છે. સમાધિ-વર્ષીતપના સંદર્ભમાં એક મજાની વાત. પરમ પાવન શ્રી **દશવૈકાલિકસૂત્ર**માં ચાર પ્રકારની સમાધિ કહી છે, જેમાં ત્રીજા પ્રકારની સમાધિ છે - તપસમાધિ.

આગમનો આશય એ છે કે **કોઈ પણ સાચો તપ એ સમાધિસ્વરૂપ હોય છે. જે સમાધિસ્વરૂપ નથી એ સાચો તપ નથી. મોક્ષાર્થીનું ખરું કર્તવ્ય છે સમાધિમય તપ.**

**जुत्तो सया तवसमाहीए ।**

મોક્ષસાધક હંમેશા તપસમાધિથી યુક્ત હોય.

## સદ્મનોરથ વર્ષીતપ

પ્રભુનો સાતમો વર્ષીતપ હતો સદ્મનોરથ. વજજંઘ રાજા તરીકેના છટ્ઠા ભવમાં પ્રભુને બે કેવળજ્ઞાની અણગારોનો ભેટો થાય છે. એમની ભક્તિ કરીને વજજંઘ રાજા એમની પાસે દેશના સાંભળે છે ને પ્રભુના જીવને શુભ મનોરથ થાય છે, કે આવી મુનિદશા મને ક્યારે મળે ?

શુભ મનોરથ.

**અનંતાનંત કર્મોનો કચ્ચરઘાણ વળી જાય પછી શુભ મનોરથ પ્રગટે છે. યોગ્યતાનો વિશિષ્ટ પરિપાક થાય પછી શુભ મનોરથ પ્રગટે છે.**

યાદ આવે સિદ્ધસેની **દ્વાત્રિંશિકા - मनोरथोऽप्येष कुतोऽल्पचेतसाम् ?**

મંદ બુદ્ધિ જીવોને સુંદર મનોરથ પણ ક્યાંથી થાય ?

યાદ આવે **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** -

**मनोरथोऽपि नो मन्दभाग्यानां जायते महान् ।**

મંદભાગી જીવોને મહાન મનોરથ પણ થતો નથી.

માર્ક કરવા જેવી વસ્તુ આ છે - 'મનોરથ પણ'. આગળ વધીને એ મનોરથને અનુરૂપ વાણી અને વર્તન થાય એ તો બહુ દૂરની વાત છે. શુભ મનોરથ સુદ્ધા મંદભાગી જીવોને થતો નથી. **યોગશાસ્ત્ર**માં શ્રાવકની દિનચર્યાના નિર્દેશમાં કલિકાલસર્વજ્ઞએ કહ્યું છે કે શ્રાવક પ્રતિદિન વહેલી સવારે ધર્મજાગરિકા કરે ને એમાં આવા આવા શુભ મનોરથો કરે -

**जिनधर्मविनिर्मुक्तो, मा भूवं चक्रवर्त्त्यपि ।**
**स्याम् चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः ॥**

કદાચ મને ચક્રવર્તીનું પદ મળી જતું હોય, પણ જો એની સાથે જિનધર્મ ન મળવાનો હોય, તો મારે એ ચક્રવર્તીનું પદ પણ ન જોઈએ. **હું ભલે નોકર થાઉં... ભલે ગરીબ થાઉં પણ મારા હૃદયમાં જિનધર્મની ભાવિતતા હોવી જોઈએ.**

**त्यक्तसङ्गो जीर्णवासा, मलक्लिन्नकलेवरः ।**
**भजन् माधुकरीं वृत्तिं, मुनिचर्यां कदा श्रये ?॥**

સંગ છૂટી ગયા હોય, વસ્ત્રો જીર્ણ હોય, શરીર મેલથી ખરડાયેલું હોય ને ઘરે ઘરે નિર્દોષ ગોચરી માટે હું ભ્રમણ કરતો હોઉં... ક્યારે મળશે મને આવું મુનિજીવન ?

**त्यजन् दुःशीलसंसर्गं, गुरुपादरजः स्पृशन् ।**
**कदाऽहं योगमभ्यस्यन्, प्रभवेयं भवच्छिदे ॥**

શિથિલાચારીનો ઓછાયો ય મારાથી દૂર હશે, ગુરુચરણની રજ એ મારી મૂડી હશે, 'યોગ'નો અભ્યાસ એ મારું જીવન હશે, ને સંસાર સાવ જ કપાઈ જવાની અણી પર હશે, ક્યારે મળશે મને આ દશા ?

**महानिशायां प्रकृते, कायोत्सर्गे पुराद् बहिः ।**
**स्तम्भवत् स्कन्धकषणं, वृषाः कुर्युः कदा मयि ?॥**

મહારાત્રિ હશે. નગરની બહાર કાયોત્સર્ગ કર્યો હશે. બળદોને લાગશે કે આટલો સ્થિર તો કોઈ થાંભલો જ હોઈ શકે. ને તેઓ આવી આવીને એમના ખભાને મારી સાથે જોર જોરથી ઘસશે. ક્યારે મળશે મને આવી દેહાતીત દશા ?

**वने शान्तसुखाऽऽसीनं, क्रोडस्थितमृगार्भकम् ।**
**कदा घ्रास्यन्ति वक्त्रे मां, जरन्तो मृगयूथपाः ?॥**

ગાઢ જંગલ હશે, શાંત સુખાસનમાં હું ધ્યાનલીન હોઈશ. હરણનું ભોળું બચ્ચું મારા ખોળામાં બેસી ગયું હશે. એના વડીલ હરણો ધીમે ધીમે મારી સાવ નજીક આવશે. હળવે રહીને મારું માથું સૂંઘશે ને ગડમથલમાં પડશે કે આ કોઈ પૂતળું હશે કે પછી કોઈ જીવ હશે ? ક્યારે મળશે મને ધ્યાનની આ લીનતા ?

**शत्रौ मित्रे तृणे स्त्रैणे, स्वर्णेऽश्मनि मणौ मृदि ।**
**मोक्षे भवे भविष्यामि, निर्विशेषमतिः कदा ?॥**

શત્રુ હોય કે મિત્ર, ઘાસ હોય કે સ્ત્રીઓ, સોનું હોય કે પથ્થર, રત્ન હોય કે માટી, મોક્ષ હોય કે સંસાર... સમભાવની એ પરાકાષ્ઠા મને મળી હોય કે આ બધામાં કોઈ ફરક જ ન લાગે... ક્યારે મળશે મને આ ઊંચાઈ ?

આ છે વર્ષીતપ... સદ્મનોરથ. ભૌતિક વિશ્વમાં જેની આકાંક્ષા થાય એ વસ્તુની પ્રાપ્તિનો અંતરાય બંધાય છે. આધ્યાત્મિક વિશ્વમાં જેની આકાંક્ષા થાય એ વસ્તુની પ્રાપ્તિના અંતરાયો તૂટી જાય છે.

**આધ્યાત્મિક ઉપલબ્ધિનું શુદ્ધ મૂલ્ય છે સદ્મનોરથ. એવો મનોરથ જેમાં આશા છે... અરમાન છે... સ્વપ્ન છે... લાલસા છે... લાલાયિતતા છે... તરસ છે... તલપ છે... ને તરવરાટ છે...**

કર્મોના ભુક્કા બોલાવી દે છે સદ્મનોરથ. આત્મશક્તિના ગુણાકારો કરી

દે છે મદ્‌મનોરથ. વિઘ્નોને વિખેરી નાખે છે સદ્‌મનોરથ. સહજ રીતે સક્રિય થાય છે સદ્‌મનોરથ. બસ, આવતી કાલે જ દીકરાને રાજ્ય આપીશ ને આવતી કાલે જ દીક્ષા લઈશ, આ સદ્‌મનોરથમાં જ વજ્રજંઘ રાજા નિદ્રાધીન થાય છે, મૃત્યુ પામે છે ને એ મનોરથના પ્રભાવે યુગલિક તરીકે જન્મ લે છે.

## શ્રમણોપાસના વર્ષીતપ

પ્રભુનો આઠમો વર્ષીતપ હતો શ્રમણોપાસના. જીવાનંદ વૈદ તરીકેના આઠમા ભવમાં પ્રભુને કૃમિકુષ્ઠ રોગ-ગ્રસિત એક મહામુનિના દર્શન થાય છે. પોતાના પાંચ મિત્રો સાથે ચિકિત્સા માટે જરૂરી મહામૂલી ત્રણ વસ્તુઓ - લક્ષપાક તેલ, ગોશીર્ષ ચંદન અને રત્નકંબલ - આ બધું લઈને પ્રભુ ઉપસ્થિત થાય છે. કાયોત્સર્ગમાં રહેલા એ મુનિવરને વિનંતી કરે છે -

**धर्मविघ्नं करिष्यामश्चिकित्साकर्मणाऽद्य वः ।**
**भगवन्ननुजानीहि, पुण्येनानुगृहाण नः ॥ १-१-७५९ ॥**

‘ભગવંત ! આપની ચિકિત્સા કરવા માટે અમે આપની સાધનામાં કંઈક અડચણ કરી રહ્યા છીએ. આપ અમને રજા આપો અને પુણ્યદાન દ્વારા અમારા પર કૃપા કરો.’

ચિકિત્સા ચાલુ થઈ. ત્રણ તબક્કે ક્રમશઃ એ મહામુનિના ચામડી, માંસ અને હાડકામાં રહેલા કૃમિઓ બહાર નીકળી ગયાં. સંરોહણી ઔષધના પ્રયોગથી મહાત્માની ત્વચા નવી થઈ ગઈ. મહાત્મા તેજસ્વી અને નીરોગી થઈ ગયા. બચેલા ગોશીર્ષચંદન અને રત્નકંબલને વેંચીને તે છ યે મિત્રોએ સોનું લીધું. તેમાં પોતાનું સોનું ઉમેર્યું. અને એમાંથી એક મોટું જિનાલય બનાવડાવ્યું.

**जिनार्चामर्चयन्तस्ते, गुरूपासनतत्पराः ।**
**कर्मवत् क्षपयामासुः, कश्चित्कालं महाशयाः ॥ १-१-७८० ॥**

તે છયે મહાશયો હવે પ્રભુની પૂજા કરે છે. શ્રમણોપાસનામાં તત્પર બને છે અને જાણે પોતાના કર્મો કાપતા હોય તેમ કેટલાક સમયને કાપે છે.

બહુ મહત્ત્વની વાત એ છે કે તપની શ્રેષ્ઠતા આભ્યંતર તપમાં છે અને આભ્યંતર તપનો આધાર કોઈ હોય તો એ શ્રમણોપાસના છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ આ ત્રણેના કેન્દ્રસ્થાને એક માત્ર શ્રમણ હોય છે. સ્વાધ્યાયના મૂળમાં 'શ્રમણ'ને માન્યા વિના છૂટકો જ નથી. ધ્યાન અને કાયોત્સર્ગની સાધના એટલી ઉચ્ચ છે કે શ્રમણના શરણ વિના તેને ખરી રીતે કરવી એ શક્ય નથી.

**શ્રમણોપાસના - મહાત્માના કાર્યો પોતાના કાર્યો લાગે. મહાત્માનો રોગ પોતાનો રોગ લાગે. મહાત્માની શાતા પોતાની શાતા લાગે. મહાત્માની સ્વસ્થતા પોતાની સ્વસ્થતા લાગે. In short મહાત્મા પોતાના લાગે.**

આ છે તપ. વર્ષીતપ. જેના જીવનમાં આ તપ નથી, એ તપસ્વી તો નથી જ શ્રાવક પણ નથી. શ્રાવકનો પર્યાય શબ્દ છે શ્રમણોપાસક. **શ્રમણોપાસના વિનાના શ્રાવકનો અર્થ છે પ્રકાશ વગરનો સૂરજ.**

આગમોએ કેટલો મજાનો શબ્દ આપ્યો શ્રાવક માટે ! એમ ન કહ્યું - જિનોપાસક.. એમ ન કહ્યું - શ્રુતોપાસક.. પણ એમ કહ્યું - શ્રમણોપાસક. **શ્રાદ્ધવિધિ** ગ્રંથમાં શ્રાવકનું શ્રમણ-શ્રમણી ભગવંતો પ્રત્યેનું જે ઔચિત્ય બતાવ્યું છે તે દરેક શ્રાવકે સૂક્ષ્મતાથી સમજવા જેવું અને જીવનમાં ઉતારવા જેવું છે.

જીવાનંદ વૈદ પોતાના પાંચે મિત્રો સાથે દીક્ષા લે છે. 'વર્ષીતપ'ની એ સાધનાને ઓર આગળ વધારે છે. તે છયે પૂજ્યો જે સાધના કરે છે, તેનું અદ્‌ભુત વર્ણન કલિકાલસર્વજ્ઞએ કર્યું છે - ઉપવાસ, છટ્‌ઠ, અટ્‌ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ આ બધી તપસ્યાઓ દ્વારા એ મહાત્માઓએ એમના ચારિત્રને નિર્મળથી ય નિર્મળ કરી દીધું. જેમ શૂરવીર સૈનિકો શરીર પર પ્રહારોને સહન કરે બરાબર એ જ રીતે ખૂબ ધૈર્યપૂર્વક તેઓ ક્ષુધા-

તૃષા વગેરે પરીષહોને સહન કરે છે. ક્રોધ-માન-માયા-લોભ આ મોહ રાજાની ચતુરંગી સેનાને ક્ષમા-મૃદુતા-સરળતા-સંતોષ આ શસ્ત્રો વડે તેઓ જીતી લે છે. અંતે દ્રવ્ય અને ભાવ સંલેખના કરે છે, અનશન કરે છે અને સમાધિપૂર્વક કાળ કરીને બારમા દેવલોકમાં ઈન્દ્રના સામાનિક દેવો બને છે.

**શ્રમણોપાસનાને કેન્દ્રમાં રાખીને જીવતા શ્રાવક સ્વયં શ્રમણ બની જાય એમાં કોઈ જ આશ્ચર્ય નથી.** અને આના વિના શ્રાવકજીવનનું સાર્થક્ય પણ નથી. **બીજી બધી જ આરાધના ધરાવતો શ્રાવક જો 'શ્રમણોપાસના'થી વંચિત છે તો હકીકતમાં એ શ્રાવક 'વંચિત' જ છે.** કેટલાક શ્રાવકોની ફરિયાદ હોય છે કે 'શ્રમણોપાસના નથી કરવી એવું તો નથી પણ તેમનું આચારશૈથિલ્ય અમારા ભાવને પાડી દે છે.'

Well, તો આનો અર્થ તો એટલો જ નીકળે છે, કે શિથિલની ઉપાસના કરવી અમને નથી ફાવતી. પણ આટલા કારણથી ઉપાશ્રયમાં જ ન જવું ને કોઈ પણ શ્રમણના સંપર્કમાં જ ન આવવું એ કેટલું ઉચિત ? શું બધાં શ્રમણો શિથિલ છે ? આજના કાળે પણ વિશિષ્ટ જ્ઞાની, સંયમી, આચારચુસ્ત અને અનેક ગુણોના સ્વામી એવા શ્રમણો છે જ.

**શ્રમણને ઉપાસકની જરૂર નથી. શ્રાવકને શ્રમણોપાસનાની જરૂર છે.** જેને જેની જરૂર હોય એને એની શોધ કરવી પડે. દરેક કાળે દરેક પ્રકારના સાધુ હોય છે. સાચા શ્રાવક સાચા સાધુનું સાન્નિધ્ય પામવામાં, તેમની ઉપાસના કરવામાં અને તેમના માર્ગદર્શન અનુસાર આરાધના કરવામાં કદી પ્રમાદ કરતા નથી.

**પૂ.હરિભદ્રસૂરિ** મહારાજા **યોગશતક**માં કહે છે - **वेयावच्चे णियमो ।**

શ્રાવકને કદાચ બીજા કોઈ વ્રત-નિયમ ન હોય એ હજી કદાચ બની શકે પણ એક નિયમ તો એને અવશ્ય હોય હોય ને હોય જ. એ નિયમ છે શ્રમણ વૈયાવચ્ચનો. જેને આટલો પણ નિયમ નથી એ હકીકતમાં શ્રાવક જ નથી. એ જૈન જ નથી. એની ભૂમિકા મિથ્યાત્વની છે. વર્ષીતપ માટે બધી જ રીતે ઘસાઈ જવા તૈયાર એવા આપણે શ્રમણોપાસનાના ક્ષેત્રે ક્યાં ?

પ્રભુના જીવે કરેલી અદ્ભુત શ્રમણોપાસના, તન-મન-ધનથી કરેલી વૈયાવચ્ચ, એ ઉછળતો બહુમાનભાવ, એ અપ્રતિમ ચિકિત્સા આ બધાની તુલનામાં આપણી પરિસ્થિતિ કઈ ?

જો આનો જવાબ સંતોષકારક ન હોય, તો આપણે ખરેખર ગંભીરતાથી વિચારવાની જરૂર છે કે આપણે પ્રભુના આદર્શોને કેટલા માનીએ છીએ ? પ્રભુનું અનુસરણ આપણે કેટલું કરીએ છીએ ?

પૂ.હરિભદ્રસૂરિ મહારાજા **યોગશતક**માં કહે છે -

**तक्कारिसु बहुमाणभावो य ।**

**આપણે જે કરીએ છીએ, તેને જેઓ કરતા હતા તેમના પ્રત્યે આપણો બહુમાનભાવ પ્રગટ થાય છે. તાત્પર્ય એ છે કે શ્રમણોપાસના એ માત્ર શ્રમણભક્તિ જ નથી, પ્રભુભક્તિ પણ છે.**

## વૈરાગ્ય વર્ષીતપ

પ્રભુનો નવમો વર્ષીતપ હતો **વૈરાગ્ય.** વજ્રનાભ ચક્રવર્તી તરીકેના દશમા ભવમાં સુખોની રેલમછેલ હતી. ૧,૯૨,૦૦૦ પત્નીઓ, ૧૪ રત્નો, ૯ નિધાનો, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ રથો, ૩ કરોડ સૈનિકો, ૩૨,૦૦૦ દેશો, ૯૬,૦૦,૦૦,૦૦૦ ગામો બધું જ હતું. છતાં ય પ્રભુએ પરમ વૈરાગ્યથી આ બધું જ એવી રીતે છોડ્યું હતું, જાણે કપડાં પર લાગેલી ધૂળ છોડતા હોય. યાદ આવે **વીતરાગસ્તોત્ર** -

**यदा मरुन्नरेन्द्रश्री-स्त्वया नाथोपभुज्यते ।**
**यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदाऽपि ते ॥**

નાથ ! જ્યારે આપ દેવ કે રાજા હો છો, ત્યારે એ ઐશ્વર્યના ભોગોની વચ્ચે પણ ભૌતિક સાધનોની અનુકૂળતા વચ્ચે પણ આપની વૈરાગ્યની જ્યોતિ ઝળહળતી જ હોય છે.

પ્રભુની તુલનામાં આપણી સામગ્રી કેટલી ? આપણો પરિવાર કેટલો ? ને પ્રભુની તુલનામાં આપણો વૈરાગ્ય કેટલો ? **માર્મિક વાત તો એ છે કે પ્રભુની તુલનામાં આપણો વૈરાગ્ય ઓછો-ખૂબ ઓછો હોય તો એ એટલા દુઃખની વાત નથી, જેટલી દુઃખની વાત એ છે કે આપણામાં વૈરાગ્યની હાજરી તો ન જ હોય, વૈરાગ્યનો પક્ષપાત સુદ્ધા ન હોય.** બહારથી કદાચ પ્રભુની પૂજા કરનારા પ્રભુના નામે લાખો રૂપિયા વાપરનારા ને પ્રભુના નામે વર્ષીતપ કરનારા જો 'વૈરાગ્ય'ને ત્રાંસી નજરથી જોતા હોય તો તેઓ હકીકતમાં વર્ષીતપને પણ નથી સમજ્યા અને પ્રભુને પણ નથી સમજ્યા.

**વૈરાગ્યનો ઈન્કાર એ પ્રભુનો ઈન્કાર છે. જો વૈરાગ્ય ખોટો છે તો પ્રભુ ખોટા છે. જો પ્રભુ સાચા છે તો વૈરાગ્ય સાચો છે.** દાન અને તપની ઊંચામાં ઊંચી સાધના પણ જો વૈરાગ્ય - શૂન્ય હોય, તો એ સાધના તાત્ત્વિક નથી. સાધનાવિશ્વનું પ્રવેશદ્વાર છે વૈરાગ્ય. માટે જ પ્રાર્થનાસૂત્રમાં ભગવાન પાસે પહેલી માંગણી આ કરી છે - **भवणिव्वेओ** - મને સંસારનો વૈરાગ્ય પ્રાપ્ત થાઓ. સ્ત્રીનો રાગ, સંપત્તિનો રાગ, સ્વજનનો રાગ, શરીરનો રાગ, વિષયોનો રાગ આ બધાં રાગ જ નાગ છે. જે જીવને અનાદિ કાળથી કાતિલ ડંખ મારી રહ્યા છે. આ ડંખોથી જીવને મોહનું ઝેર ચડે છે. એ ભાન ભૂલે છે ને પછી એવી ભૂલો કરતો રહે છે, જેનાથી ફરી ફરી એ દુર્ગતિઓમાં રઝળે છે. વૈરાગ્ય એ ઔષધિ છે, જે આ ઝેરને ઉતારે છે. વૈરાગ્ય એ મંત્ર છે, જે આ નાગ-સમૂહને ભગાડે છે. વૈરાગ્ય એ અંજન છે, જેને આંજ્યા બાદ દુનિયા આખી ય વૈરાગ્યનું જ કારણ બને છે.

**વૈરાગ્ય સાચો લાગે એ સાધનાની અભિમુખતા છે. વૈરાગ્યનો અંગીકાર થાય એ સાધનાની શરૂઆત છે. વૈરાગ્ય પરિપક્વ બને એ સાધનાની તીવ્રતા છે. વૈરાગ્ય સ્વભાવ બની જાય એ સાધનાની પૂર્ણતા છે. સાધનાના દરેક પગથિયા પર આ એક જ નામ લખેલું છે - વૈરાગ્ય. ફરક એટલો જ કે એ દરેક પગથિયે થોડો વધુ વિકસિત થતો જાય છે.**

આપણે વૈરાગ્યનો સંબંધ ફક્ત સાધુતા સાથે જોડીએ છીએ જ્યારે ભગવાને

એનો સંબંધ સમ્યગ્દર્શન સાથે જોડ્યો છે. યાદ આવે **સમ્યક્ત્વસપ્તતિકા** -

**णरविबुहेसरसोक्खं, दुक्खं चिय भावओ उ मण्णंतो ।**
**संवेगओ य मोक्खं, मोत्तुं अण्णं ण पत्थेइ ॥**

રાજાપણાનું સુખ હોય કે ઈન્દ્રપણાનું, સમ્યગ્દષ્ટિની નજરમાં એ હકીકતમાં દુઃખ જ લાગે. એના સંવેગની સંવેદના એવી હોય કે એને મોક્ષ સિવાય બીજી કોઈ ચીજની ઈચ્છા સુદ્ધા ન જાગે. **વૈરાગ્ય વિના મોક્ષમાર્ગ ઉપર એક પગલું પણ ચાલવું શક્ય નથી.**

જરા કલ્પના તો કરીએ - વજ્રનાભ ચક્રવર્તી પોતાની રાજધાનીના રાજમાર્ગ પરથી દીક્ષા લેવા માટે પ્રયાણ કરી રહ્યા છે. એક હજાર માણસોએ એમની દેવલોક જેવી શિબિકા ઉપાડી છે. આગળ-પાછળ ચતુરંગી સેના છે ને કરોડોનો પરિવાર છે ને રાજમાર્ગની બંને બાજુએ ફુટપાથ, ઝરુખાઓ, અગાશીઓ બધું જ ખીચોખીચ ભરાયેલું છે ને કરોડો આંખો એ વૈરાગ્યમય વ્યક્તિત્વને જોઈ રહી છે. એ મુખમુદ્રાના કણ કણમાં વૈરાગ્ય નીતરી રહ્યો છે. **બધું જ છે ને છતાં ય બધું જ છોડી દેવું છે. એવી રીતે છોડી દેવું છે જાણે એ કશું છે જ નહીં. આનું નામ વૈરાગ્ય.** આનું નામ વર્ષીતપ. રાગનું કંઈક કારણ બને એવું કૂંડાળું તો આપણું ય છે. ભલે સામ્રાજ્ય નહીં, ભલે રાજ્ય નહીં, પણ કૂંડાળું, નાનું કૂંડાળું. જેમાં આપણે આપણી આખી જિંદગી પૂરી કરી દઈએ છીએ. જેને આપણે આપણું સર્વસ્વ ગણીએ છીએ. જેના અણુ અણુ પર આપણો રાગ ચોંટેલો છે. ના, બલ્કે આપણા આત્માના પ્રદેશ પ્રદેશ પર જેનો રાગ ચોંટેલો છે.

**શાંતિથી વિચાર કરીએ કે એ કૂંડાળામાં ખરેખર આપણું શું છે ? શું સાથે રહેશે ? શું સાથે આવશે ? શું કામ લાગશે ? શું આત્મહિતકર બનશે ? શું આત્માને નુકશાન નહીં કરે ? શું આત્માને દુર્ગતિમાં નહીં લઈ જાય ? પ્રશ્નોની વણઝાર છે. જવાબનો પત્તો નથી.** જીવનમાં ડગલે ને પગલે વૈરાગ્યને કેળવવાનો પ્રયાસ કરીએ. જીવનને વૈરાગ્યમય બનાવીએ. તો એ પણ એક પ્રકારનો વર્ષીતપ બની જશે.

# વીશસ્થાનક વર્ષીતપ

પ્રભુનો દશમો વર્ષીતપ હતો **વીશસ્થાનક.** વર્તમાનમાં આપણે આને 'એક ખાસ બાહ્ય તપ' રૂપે જ જોઈએ છીએ, પ્રભુએ જે વીશસ્થાનકની આરાધના કરી એમાં 'તપ'નો ભાગ વીશમો જ હતો. I mean, વીશસ્થાનકમાં ચૌદમું સ્થાનક 'તપ' છે. 'તપ'નો ભાગ એટલો જ છે, આપણે આખે આખી આરાધનાને 'તપ' રૂપે જ કરીએ છીએ. પરિણામે વીશસ્થાનકની તાત્ત્વિક આરાધનાને આપણે કરતા તો નથી જ, કદાચ સમજતા સુદ્ધા નથી. Let's try to understand, What's વીશસ્થાનક –

(૧) **અર્હદ્** – અરિહંતની કે તેમની પ્રતિમાની પૂજાથી, તેમની નિંદાના નિષેધથી અને તેમના ગુણોની સ્તુતિથી આ સ્થાનની આરાધના થાય છે.

(૨) **સિદ્ધ** – સિદ્ધોના મોક્ષગમન સ્થાનમાં ધર્મજાગરિકા અને ઉત્સવ કરવાથી અને સિદ્ધોના ગુણોની સ્તુતિ કરવાથી આ સ્થાનની આરાધના થાય છે.

(૩) **પ્રવચન** – બાળ, ગ્લાન, નૂતનદીક્ષિત વગેરે મહાત્માની સેવા કરવી, પ્રવચનનું વાત્સલ્ય કરવું આ ત્રીજું સ્થાન છે.

(૪) **આચાર્ય** – ગુરુને આહાર, ઔષધ, વસ્ત્ર વગેરે આપવા, ગુરુની સમક્ષ હાથ જોડવા, ગુરુ પ્રત્યે અત્યંત વાત્સલ્ય કરવું, એ ચોથું સ્થાન છે.

(૫) **સ્થવિર** – વીશ વર્ષના પર્યાયવાળા મહાત્મા (પર્યાયસ્થવિર), સાઠ કે તેનાથી વધુ વર્ષની ઉંમરવાળા મહાત્મા (વયસ્થવિર) અને સમવાયાંગ સુધીના શાસ્ત્રાભ્યાસવાળા મહાત્મા (શ્રુતસ્થવિર) – આ સર્વેની ભક્તિ કરવી એ પાંચમું સ્થાન છે.

(૬) **ઉપાધ્યાય** – બહુશ્રુત પૂજ્યોને અન્ન, વસ્ત્ર વગેરે આપવા દ્વારા તેમના પ્રત્યે વાત્સલ્ય કરવું, તે છટ્ઠું સ્થાન છે.

(૭) **સાધુ** - અત્યંત ઉગ્ર તપસ્વી પૂજ્યોની ભક્તિ કરવી, તેમના શરીરનો થાક દૂર કરવો અને તેમને આહાર વગેરે આપવા, આ રીતે તેમનું વાત્સલ્ય કરવું તે સાતમું સ્થાન છે.

(૮) **જ્ઞાન** - પ્રશ્ન, વાચના વગેરે દ્વારા દ્વાદશાંગીનો સૂત્રાર્થ-ઉભય દ્વારા જ્ઞાનોપયોગ કરવો, તે આઠમું સ્થાન છે.

(૯) **દર્શન** - શંકા વગેરે દોષોથી રહિત, સ્થિરતા વગેરે ગુણોથી ભૂષિત, ઉપશમ વગેરે લક્ષણવાળું સમ્યગ્દર્શન ધારણ કરવું એ નવમું સ્થાન છે.

(૧૦) **વિનય** - જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય - આ ચાર પ્રકારનો વિનય તે દશમું સ્થાન છે.

(૧૧) **ચારિત્ર** - દશ પ્રકારની સામાચારીઓમાં અને આવશ્યક યોગોમાં ઉદ્યમપૂર્વક અતિચારોનો ત્યાગ કરવો એ અગિયારમું સ્થાન છે.

(૧૨) **બ્રહ્મચર્ય** - અહિંસાદિ મૂલગુણો અને સમિતિ વગેરે ઉત્તરગુણોમાં જે નિરતિચાર પ્રવૃત્તિ - તે બારમું સ્થાન છે.

(૧૩) **ક્રિયા** - પ્રતિક્ષણ પ્રમાદ છોડીને શુભ ધ્યાન કરવું તે તેરમું સ્થાન છે.

(૧૪) **તપ** - મન અને શરીરની અનાબાધાપૂર્વક યથાશક્તિ તપ કરવો તે ચૌદમું સ્થાન છે.

(૧૫) **ગોયમ (દાન)** - મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક મહાત્માઓને અન્ન વગેરેનો યથાશક્તિ સંવિભાગ કરવો એ પંદરમું સ્થાન છે.

(૧૬) **જિન** - આચાર્યાદિની ગોચરી, પાણી વગેરે અપવા દ્વારા વૈયાવચ્ચ કરવી તે સોળમું સ્થાન છે.

(૧૭) **સંયમ** - ચતુર્વિધ સંઘની સર્વ તકલીફોને દૂર કરવી અને એમના મનને સમાધિ આપવી એ સત્તરમું સ્થાન છે.

(૧૮) **અભિનવ જ્ઞાન** - પ્રતિદિન નવું નવું સૂત્ર-અર્થ-તદુભય ભણવું એ અઢારમું સ્થાન છે.

(૧૯) **શ્રુત** - શ્રુતજ્ઞાનની શ્રદ્ધા, પ્રભાવના અને નિંદાત્યાગથી ભક્તિ કરવી એ તે ઓગણીસમું સ્થાન છે.

(૨૦) **તીર્થ** - વિદ્યા, નિમિત્ત, કવિતા, વાદ, દેશના વગેરે દ્વારા શાસનની પ્રભાવના કરવી તે વીશમું સ્થાન છે.

વીશસ્થાનક તપના દરેક આરાધકે આ દરેક સ્થાનની વિશિષ્ટ આરાધના કરવી જોઈએ. તપ કરવામાં આવે તે તો સારું જ છે. પણ તે તે સ્થાનની આરાધના પણ ખૂબ જરૂરી છે. એ જ તો વીશસ્થાનક તપનું હાર્દ છે. એ હાર્દ જ ભૂલાઈ જાય, એ હાર્દ જ ભૂંસાઈ જાય ને બોક્સ જ જ્વેલરી બની જાય એ તો કેમ ચાલે ? જરા કલ્પના તો કરો - છ ખંડનું વિરાટ સામ્રાજ્ય છોડીને વજનાભ રાજર્ષિ એક વૃદ્ધ મહાત્માની સેવા ઉછળતા બહુમાનભાવ સાથે કરી રહ્યા છે ને એની સાથે સાથે તીર્થંકર નામ કર્મની નિકાચના કરી રહ્યા છે.

**ભૌતિક સમૃદ્ધિના શિખરની સ્પર્શના કર્યા બાદ નમ્રતાની, સેવાભાવની અને અહોભાવની આ પરાકાષ્ઠા !!! We are taking about વર્ષીતપ. દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિશુદ્ધ આરાધના એ વીશસ્થાનકનો સાર છે. જિનશાસનની સક્રિય સંવેદના એ વીશસ્થાકનું હૃદય છે. પ્રભુના પગલા હજી ય આ માર્ગ પર અકબંધ છે.** યાદ આવે **આચારાંગસૂત્ર** -

**पणया वीरा महावीहिं ।**

આ એ મહાપથ છે, જેના પર વીર પુરુષો ચાલ્યા છે. વીરતા આપણામાં પણ છે જ. ખરી જરૂર છે લક્ષ્યની. તાત્ત્વિક લક્ષ્યની અને પૂર્ણ લક્ષ્યની. પ્રભુના ચારિત્રમાં વીશસ્થાનકની આ આરાધનાનું વર્ણન કર્યા બાદ છેવટે એક ગજબ વાત કરી છે -

**अप्येकं तीर्थकृन्नामकर्मणो बन्धकारणम् ।**
**मध्यादेभ्यः स भगवान् सर्वैरपि बबन्ध तत् ॥**

આ વીશમાંથી કોઈપણ એક સ્થાનની આરાધના પણ તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કરાવી શકે છે. જ્યારે વજનાભ રાજર્ષિએ તો પ્રત્યેકે પ્રત્યેક સ્થાન - વીશે વીશ સ્થાનની આરાધના દ્વારા તીર્થંકર નામ કર્મ બાંધ્યું હતું.

# તત્ત્વચિંતન વર્ષીતપ

પ્રભુનો અગિયારમો વર્ષીતપ હતો **તત્ત્વચિંતન.** અંતિમ ભવમાં પરિવારના આગ્રહથી રાજા ઋષભ ઉદ્યાનમાં પધારે છે. વસંત ઋતુ સોળે કળાએ ખીલી છે. આખું ય વાતાવરણ માદક અને ઉન્માદક છે. નગરજનોના યુવા-હૃદયો વધુ ને વધુ મોહપરવશ બની રહ્યા છે. ભલભલાના વિવેકને ઓગાળી નાંખે એવી એ પરિસ્થિતિમાં પ્રભુ તત્ત્વચિંતનની ધારે ચડે છે.

**धिगेष विषयाऽऽक्रान्तो वेत्ति नात्महितं जनः ।**

ધિક્કાર હો... આ વિષયપરવશ લોકો પોતાના આત્મહિતને જાણતા સુદ્ધા નથી. માંડ માંડ સંસારના કૂવામાં કંઈક ઉપર આવેલો જીવ એવા કામ કરે છે કે ફરી એને એ જ કૂવામાં ડુબી જવું પડે છે. **જેમ સૂતેલાઓની રાત્રિ વ્યર્થ જાય છે, તેમ મોહથી આંધળા જીવોનું આખું ય જીવતર વ્યર્થ જાય છે.** તત્ત્વચિંતનના સોપાનોને ચડતા ચડતા પ્રભુ શિખરાનુભૂતિ કરે છે. તત્ત્વચિંતનની એ જ્યોતિ જ્વલંત બને છે એ જ ક્ષણે નવ લોકાંતિક દેવો પ્રભુને ધર્મતીર્થ પ્રવર્તાવવાની વિનંતી કરે છે. બીજા દિવસથી પ્રભુ વર્ષીદાનની શરૂઆત કરે છે.

અશુભ નિમિત્તો વચ્ચે મનને શી રીતે પવિત્ર રાખવું ? આ કાળમાં નિમિત્તો જ એવા છે તો અમે શું કરીએ ? આ બધી જ વાતો એક છેડો છે અને પ્રભુની આ ઘટના બીજો છેડો છે. જ્ઞાનીઓ કહે છે -

**विषादप्यमृतं ग्राह्यम् ।**

ઝેરમાંથી પણ અમૃતનું ગ્રહણ કરી લેવું જોઈએ, ચારે બાજુ ઝેર જ હોય તો અમે શું કરીએ ? અમારે તો એ જ લઈને ખાવું પડે ને ? અમારા નસીબમાં જ મરવાનું હોય તો અમે શું કરીએ ? આવા વલણમાં કોઈ જ બુદ્ધિમત્તા નથી. Be smart.

તીવ્ર મંદીમાં પણ હોંશિયાર માણસ પોતાનો નફો રળી લેતો હોય છે. ગિરદીમાં પણ ડાહ્યો માણસ ટ્રેનમાં ચડી જતો હોય છે. ચોર બજારમાંથી ય શાણો માણસ હેમખેમ નીકળી જતો હોય છે. **વાતાવરણ કેવું છે એ બીજા નંબરની વાત છે. આપણે કેવા છીએ એ પહેલા નંબરની વાત છે.** આપણે જો આત્મહિત-અનુકૂળ છીએ તો કોઈ પણ વાતાવરણ આપણા માટે આત્મહિત-અનુકૂળ જ છે. યાદ આવે **આચારાંગસૂત્ર** -

**जे आसवा ते परिसवा । जे परिसवा ते आसवा ।**

જે આશ્રવ છે તે સંવર છે. જે સંવર છે તે આશ્રવ છે.

તત્ત્વચિંતન છે, તો આશ્રવ પણ સંવર છે. તત્ત્વચિંતન નથી, તો સંવર પણ આશ્રવ છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજા **યોગબિન્દુ** ગ્રંથમાં કહે છે કે અપુનર્બંધક જીવ દરેક બાબતમાં વસ્તુસ્થિતિને જોવાનો પ્રયાસ કરે છે અને તત્ત્વચિંતન કરે છે. સ્ત્રીમાં/પુરુષમાં એને ગંદવાડ દેખાય છે. પૈસામાં એને પરિશ્રમ દેખાય છે. પરિવારમાં એને મોહ-કીચડ દેખાય છે. શરીરમાં એને નશ્વરતા દેખાય છે. તત્ત્વદૃષ્ટિ મળે તો તત્ત્વચિંતન મળવાનું જ છે.

**તત્ત્વચિંતન હોય તો દુનિયા આખી ય વૈરાગ્યશતક છે. ને તત્ત્વચિંતન ન હોય તો વૈરાગ્યશતક ખુદ પણ વૈરાગ્યશતક નથી.** તત્ત્વચિંતનને પામવાનો ઉપાય તત્ત્વદૃષ્ટિ છે. તત્ત્વદૃષ્ટિને પામવાનો ઉપાય છે - નિરંતર જિનવચનનો સ્વાધ્યાય. જિનવચન જેમ જેમ ઘૂંટાતું જશે તેમ તેમ તત્ત્વદૃષ્ટિનો ઉઘાડ થતો જશે.

**પ્રભુને પ્રગટેલા તત્ત્વચિંતનની પાછળ તેમના પૂર્વભવના ૩૩ સાગરોપમના તત્ત્વચિંતનનું સઘન પીઠબળ હતું. એ તત્ત્વચિંતનને પણ પૂર્વભવના ચૌદ પૂર્વોના સ્વાધ્યાયનું પીઠબળ હતું.**

અનાદિકાળથી આપણે ઊંધો એકડો ઘૂંટ્યો છે. આ ભવમાં આપણે સાચો એકડો જોયો. આપણે એને સમજ્યા, આપણી ફરિયાદ છે કે સમજવા છતાં ય આપણે એને અમલમાં લાવી શકતા નથી. પણ હકીકતમાં આપણી આ ફરિયાદ ખોટી છે. માત્ર સમજવું પૂરતું નથી. ઘૂંટવું પણ જરૂરી છે.

ઊંધો એકડો ઘૂંટ્યા પછી સીધો એકડો ઘૂંટવામાં ન આવે, તો જ્યારે જ્યારે એકડો લખવાનો પ્રયાસ કરાશે ત્યારે ઊંધો એકડો જ લખાશે. પરિણામે ફરી ફરી ઊંધો એકડો જ ઘૂંટાયા કરશે. **નિરંતર જિનવચનના સ્વાધ્યાયનો અર્થ છે ફરી ફરી સીધો એકડો ઘૂંટવો. આત્મકલ્યાણનો આ અમોઘ ઉપાય છે.** કોઈ પણ વાતાવરણમાં તત્ત્વચિંતન - આ સંદર્ભમાં એક મહત્ત્વની વાત - આત્મહિતેચ્છુક વ્યક્તિ કદી પણ સામે ચાલીને 'કોઈ પણ વાતાવરણ'નું સેવન ન જ કરે. શાણો માણસ ચોરબજારમાંથી હેમખેમ નીકળી જાય એ વાત સાચી, પણ એનાથી પણ મહત્ત્વની વાત એ છે, કે શાણો માણસ સ્વરસથી કદી પણ ચોરબજારમાં જાય જ નહીં. શાણો માણસ જાણી-બુઝીને તો ચોરબજારમાં પગ સુદ્ધા ન મુકે. બલ્કે સર્વ પ્રયત્નથી એને દૂરથી જ છોડીને ચાલે. આત્મહિતેચ્છુની આ જ ભૂમિકા હોય છે. માટે જ સાધકના જીવનનું એક મહત્ત્વનું પાસું 'અનાયતન-ત્યાગ' જણાવ્યું છે.

**જ્યાં મોહના તોફાનો ચાલતા હોય, રાગ-દ્વેષના હુલ્લડ થઈ શકતા હોય, આત્માની પરિણતિ જ્યાં ડહોળાઈ શકતી હોય, એ 'અનાયતન' છે. આત્માર્થી હોય, તે કદી પણ ત્યાં જાય નહીં.** હા, By chance જ્યારે એવી પરિસ્થિતિ આવી પડે, ત્યારે આત્માર્થી શું કરે, એના સંદર્ભમાં આ વાત છે - તત્ત્વચિંતન. યાદ આવે **યોગશતકટીકા** -

**अतत्त्वदर्शननिबन्धनो हि रागः,**
**स हि तत्त्वदर्शने निवर्तत एव ।**

અતત્ત્વના દર્શનથી જ રાગ જાગે છે, જે નથી તેને જોવાથી જ રાગ જાગે છે. તત્ત્વનું દર્શન થઈ જાય તો રાગને ગયે જ છૂટકો છે. કોઈ પણ પરિસ્થિતિમાં ભીતરની વાસ્તવિકતાનું ચિંતન કરવું આ પણ એક પ્રકારના વર્ષીતપની આરાધના છે. યાદ આવે **જ્ઞાનસાર** -

**ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात्तपः ।**

વિદ્વાનો જ્ઞાનને જ તપ કહે છે. કારણ કે જ્ઞાન કર્મોને તપાવી દે છે ને એમને ભસ્મીભૂત કરી દે છે.

# નિર્મમતા વર્ષીતપ

પ્રભુનો બારમો વર્ષીતપ હતો **નિર્મમતા.** પ્રભુની દીક્ષા થઈ ગઈ છે. કેવળજ્ઞાન બાકી છે. પ્રભુના સગાં પૌત્રો નમિ-વિનમિ જંગલમાં પ્રભુની પાસે ઉપસ્થિત થઈને કહે છે - પ્રભુ ! આપે અમને દૂર દેશાંતરમાં મોકલ્યા અને ભરત વગેરે પુત્રોને એમની એમની ભૂમિનો ભાગ આપ્યો. અમને તો ગાયના પગલા જેટલી પણ જમીન ન આપી. પ્રભુ ! શું અમે કોઈ અપરાધ કર્યો છે ? કે આપ જમીનની વાત તો જવા જ દો, જવાબ સુદ્ધા આપતા નથી ?

સાધકની અગ્નિપરીક્ષા જેવી આ ક્ષણ હોય છે. **પોતાના ખોળામાં જેમને રમાડ્યા, પોતાના હાથે જેમને જમાડ્યા, પોતાની આંખ સામે જેમને ઉછરતાં જોયા, જેમના મુખે લાખો-કરોડો વાર 'પિતામહ !' એવું સંબોધન સાંભળ્યું, એ જ પૌત્રો હાથ જોડીને પોતાના ભાગની યાચના કરી રહ્યા છે.** તેઓ ભાગ વખતે હાજર હોત તો તેમને જરૂર આપ્યું હોત. તેઓ ગેરહાજર હતા તેનું કારણ એટલું જ હતું કે પોતે જ તેમને દૂર મોકલ્યા હતા. હવે જો એમને ભાગ ન મળે તો તેઓ સાવ જ રસ્તા પર આવી જાય તેમ છે. આ સ્થિતિમાં પ્રભુનો પ્રતિભાવ શું છે ?

**प्रभुर्न किञ्चित् प्रत्यूचे, वदन्तावपि तौ तदा ।**
**निर्ममा हि न लिप्यन्ते, कस्याप्यैहिकचिन्तया ॥१-३-१३९॥**

આટઆટલી પ્રાર્થના હોવા છતાં ય પ્રભુ કોઈ જ જવાબ આપતા નથી. પ્રભુ પૂર્ણપણે નિર્મમ છે. **જે છોડ્યું છે, તે ખરેખર છોડ્યું છે. હવે તેમાં માનસિક પણ અંતર્ભાવ થાય તો એ ત્યાગ મટીને દંભ બની જશે.** પ્રભુના મનને કોઈ સાંસારિક ચિંતા સ્પર્શતી સુદ્ધા નથી. બીજી બાજુ નમિ-વિનમિને પ્રભુની જ આશા છે. રોજ તેઓ કમળપત્રોમાં પાણી ભરી લાવે

છે ને પ્રભુની આજુ-બાજુ છંટકાવ કરે છે. પ્રભુની સમક્ષ સુગંધી ફૂલોનો ઢગલો કરે છે. હાથમાં તલવાર લઈને પ્રભુની આજુ-બાજુ ઊભા રહે છે અને સવાર-બપોર-સાંજ પ્રભુને પ્રણામ કરીને હાથ જોડીને કહે છે - પ્રભુ ! આપના વિના અમારા કોઈ જ સ્વામી નથી. આપ અમને રાજ્ય આપો.

દઢથી ય દઢ સાધક ધીમે ધીમે ઢીલો ઢફ થઈ જાય એવી એ ઘટના હતી. સ્નેહથી કે છેવટે દાક્ષિણ્યથી પણ પ્રભુ ભરત ઉપર સંદેશો પાઠવી દે કે ખુદ આ બાકી રહેલું કાર્ય પૂરું કરવા ભરત પાસે આવે કે પોતાની અનંત લબ્ધિઓમાંથી એકાદ લબ્ધિથી જ તત્ક્ષણ તેમની ઈચ્છા પૂરી કરી દે કે પોતાની પાસે અવારનવાર આવતા દેવો/દેવેન્દ્રોમાંથી કોઈને આ કામ ભળાવવાની ધારણા રાખે... ઘણા વિકલ્પો હતા આ પ્રયોજન પૂરું કરવાના ને પોતાના આત્મગૌરવની રક્ષા કરવાના, પણ પ્રભુ પાસે એક જ વિકલ્પ હતો - નિર્મમતાનો.

**સાધના ને સ્વજનો - આ બંનેની દિશા જુદી જુદી છે. આ બંનેમાંથી એક દિશાની યાત્રા જ શક્ય છે.** યા સાધના યા સ્વજનો. જો આપણી દિશા સાધનાની છે તો આ પણ એક પ્રકારનો વર્ષીતપ છે.

નમિ-વિનમિને ધરણેન્દ્ર ૪૮ હજાર વિદ્યા આપે છે અને વિદ્યાધર સમ્રાટ બનાવે છે એ વાત જુદી છે. પણ આ સમગ્ર ઘટનામાં પ્રભુની જે નિર્લેપતા... જે નિઃસંગતા... જે નિર્મમતા ઝળકી ઉઠી છે એ સાધનાનું શિખર છે.

**જીવનમાં ડગલે ને પગલે સ્વજન ખાતર સાધનાને ગૌણ કરતા આપણે જો એકાદ ઘટનામાં પણ સાધનાના પક્ષે ઊભા રહી શકીએ ને, તો તે ય એક પ્રકારનો વર્ષીતપ બની જશે.**

# ચારસો નિર્જળ ઉપવાસો

પ્રભુનો તેરમો વર્ષીતપ હતો - **ચારસો નિર્જળ ઉપવાસો.** આમ તો આપણે પ્રભુના વર્ષીતપ તરીકે જેને ગણીએ છીએ એ જ આ વર્ષીતપ છે, છતાં ય આપણી સમજ અને પ્રભુના વર્ષીતપમાં ઘણો ફરક છે. લોકોને સુપાત્રદાન વિષે કશી જ ખબર ન હતી, ને માટે પ્રભુને ગોચરી મળતી ન હતી, એ વાત સાચી છે. પણ છતાં ય પ્રભુને પરાણે આ તપ કરવો પડ્યો, એ વાત સાચી નથી.

**પ્રભુ ધારત તો એક જ શબ્દથી તે તે ઘરમાં હાજર કલ્પ્ય વસ્તુનો નિર્દેશ ખરી શકત. દીક્ષાના બીજા જ દિવસે પ્રભુનું પારણું થઈ શકત. પણ પ્રભુની આ અગોચર સાધના હતી.** લોકો જ્યારે સોના, ચાંદી, હીરા, મોતી, રત્નો, હાથી, ઘોડા ને પોતાની કન્યાઓનો સ્વીકાર કરવા માટે પ્રભુને વિનંતી કરી રહ્યા હતાં, અત્યંત આગ્રહ કરી રહ્યા હતાં, ‘કેમ નથી લેતા ?’ આ પ્રશ્નનો રીતસર વરસાદ વરસાવી રહ્યા હતા, કમ સે કમ ત્યારે પ્રભુએ ખુલાસો કરી દીધો હોત, તો ય પ્રભુનું પારણું થઈ જાત. પણ પ્રભુએ તેવું પણ કર્યું નથી.

**भिक्षामलभमानोऽपि स्वाम्यदीनमनाः सदा ॥ १-३-१०० ॥**

**પ્રભુનો વર્ષીતપ એ લાચારી કે મજબૂરી ન હતી, બલ્કે ખમીર અને ખુમારીનો એક જ્વલંત ઈતિહાસ હતો.**

આપણે એકાંતરા ઉપવાસ કરીએ છીએ, આપણા દરેક ઉપવાસની આજુ-બાજુ બે-બે બેસણાનો મજબૂત પહેરો હોય છે. ‘તપ’ છે માટે શારીરિક અનુકૂળતાઓ વિશેષ હોવી જોઈએ આવી આપણી દૃઢ માન્યતા છે. કઈ રીતે વધુ ને વધુ શાતા રહે એ આપણું લક્ષ્ય છે. છટ્ઠ ઓછા આવે તો સારું એવી આપણી આશા છે. માન-પાન ને આમંત્રણો વધુ મળે તો સારું એવું આપણું મન છે. જલ્દી વરસ પૂરું થઈ જાય - એવું આપણું વલણ

છે. જો આપણી માનસિકતા આ હોય, તો પ્રભુના ને આપણા વર્ષીતપમાં આસમાન-જમીનનો ફરક છે. **સવાલ ફક્ત સળંગ નિર્જળ ઉપવાસ ને એકાંતરા સજળ ઉપવાસનો નથી. ખરો સવાલ તો ધ્યેયનો અને ધ્યેયનિષ્ઠાનો છે. હકીકતમાં જ્યારે લક્ષ્ય જ ફરી ગયું હોય, ત્યારે સાધના ફરી જ ગઈ હોય છે. વધુ સ્પષ્ટ શબ્દોમાં કહું તો એ સાધના સાધના તરીકે મટી ગઈ હોય છે.** પ્રભુની સાધના ખરેખર સાધના હતી. જેને પૂર્ણાહૂતિની કોઈ પ્રતીક્ષા ન હતી. અનુકૂળતાની કોઈ આશા ન હતી. એ સાધનાને કોઈ જાણે ને બિરદાવે એવી ઈચ્છા ન હતી. ચારસો નિર્જળ ઉપવાસની ઉગ્ર સાધના દરમિયાન પણ જે કોઈ પરીષહો ને ઉપસર્ગો આવ્યા છે, એમને સહાયક સમજીને પ્રભુએ વધાવ્યા છે.

**सप्तधातुविनाभूतशरीर इव सुस्थितः ।**
**भगवान् क्षुत्पिपासादीनधिसेहे परीषहान् ॥ १-३-१०१ ॥**

પ્રભુએ એ પરીષહોને-એ ભૂખ-તરસ વગેરેને એવી રીતે સહન કર્યા જાણે એમના શરીરમાં સાત ધાતુઓ જ નથી. જાણે એમને કોઈ તકલીફ જ નથી. એ તપ શાશ્વત બને તો પ્રભુને કોઈ જ વાંધો નથી. પારણાની ઈચ્છા પણ તપની સૂક્ષ્મ અવગણના છે. પારણું કરવું - એ જુદી વસ્તુ છે ને પારણું ઈચ્છવું - એ જુદી વાદ છે. **પારણાનો અર્થ જો 'સુખ' હોય, તો આત્માર્થી જીવ માટે તો તપ એ જ 'પારણું' છે, કારણ કે આત્માર્થી જીવની દૃષ્ટિમાં સુખનો અર્થ કર્મક્ષય સિવાય બીજું કશું જ નથી. તપનો અર્થ જો કષ્ટ હોય તો આત્માર્થી જીવ માટે 'સંસાર' એ જ તપ છે. 'મોક્ષ' એ પારણું છે.**

પારણાથી સુખી થવાની લાલસા કે પારણાથી સુખી થવાની પ્રતીતિ એ આત્માર્થિતાની ભૂમિકા પણ નથી અને સમ્યગ્દર્શનની ભૂમિકા પણ નથી. આત્માર્થીના જીવનમાં જ્યારે જ્યારે પારણાની ઘટના બને, ત્યારે હકીકતમાં એ ઔચિત્યની અને વિવેકની ઘટના હોય છે. યાદ આવે **દશવૈકાલિક** સૂત્ર -

**मुक्खसाहणहेउस्स साहुदेहस्स धारणा ।**

ફક્ત મોક્ષસાધના કરવા માટે, ફક્ત સંયમનિર્વાહ કરવા માટે, ફક્ત

સાધનાના સાધન તરીકે શરીરને ટકાવવા માટે ભોજન લેવાનું છે. ખરા અર્થમાં પારણાની ઘટના આત્માર્થીના જીવનમાં કદી બનતી જ નથી. આત્માર્થી જીવ અખંડ તપસ્વી હોય છે. કારણ કે એનું પારણું પણ એક પ્રકારનો તપ હોય છે.

**રસશૂન્ય યોગ અને રસશૂન્ય ભોગ એ બંને ખરા અર્થમાં અર્થશૂન્ય હોય છે.** છપ્પન ભોગના થાળો અને ધૂળના ઢગલા આ બંનેમાં જ્યારે કોઈ ફરક જ ન લાગે, ત્યારે 'રસ' પેદા જ ક્યાંથી થશે ? ભોજનપ્રાપ્તિ માટેની લાલાયિતતા એ ગેરસમજ છે. તપ એ સમજ છે. સમ્યક્ સમજ. **ખરા તપસ્વી એ છે જે ફક્ત તનથી ભૂખ્યા હોય, મનથી ભૂખ્યા ન હોય.**

પ્રભુ હસ્તિનાપુર પધારે છે. શ્રેયાંસકુમાર એમને જોઈને જાતિસ્મરણજ્ઞાન પામે છે. સુપાત્ર અને સુપાત્રદાન - બંનેની યાદ તાજી થાય છે. સહજ-યોગાનુયોગ કોઈ એમને શેરડીના રસ ભરેલા ઘડાઓ ભેટ આપે છે. શ્રેયાંસકુમાર વિનંતી કરે છે - પ્રભુ ! આ રસ કલ્પનીય છે, એનો સ્વીકાર કરો. પૂર્ણ સહજતા સાથે પ્રભુ બે હાથને પાત્રનો આકાર આપે છે, શ્રેયાંસકુમાર ઉપાડી ઉપાડીને એક પછી એક માટલાને એ પાણિપાત્રમાં ઠલાવતા જાય છે.

**भूयानपि रसः पाणिपात्रे भगवतो ममौ ।**
**श्रेयांसस्य तु हृदये ममुर्न हि मुदस्तदा ॥ १-३-२९३ ॥**

એટલો બધો રસ પણ પ્રભુના એ 'પાણિપાત્ર'માં સમાઈ જાય છે. પણ શ્રેયાંસકુમારના હૃદયમાં આનંદ સમાતો નથી.

**स्त्यानो नु स्तम्भितो न्वासीद्, व्योम्नि लग्नशिखो रसः ।**
**अञ्जलौ स्वामिनोऽचिन्त्यप्रभावाः प्रभवः खलु ॥१-३-२९४॥**

પ્રભુની અંજલિમાં રહેલ રસની શિખા જાણે આકાશને આંબી રહી છે. એ આખો ય રસ જાણે થીજી ગયો છે. જાણે સ્તંભિત થઈ ગયો છે. ખરેખર પ્રભુનો પ્રભાવ અચિંત્ય હોય છે. એમની અંજલિમાં જે આપવામાં આવે એની ઉપર શિખા વધી શકે પણ નીચે એક ટીપું સુદ્ધા પડી ન શકે.

**ततो भगवता तेन, रसेनाकारि पारणम् ।**

**सुरासुरनृणां नेत्रैः, पुनस्तद्दर्शनामृतैः ॥ १-३-२९५ ॥**

પછી બે પારણાની ઘટના બને છે. પ્રભુ એ ઈક્ષુરસથી પારણું કરે છે ને સુર-અસુર-મનુષ્યોની આંખો એ પાવન પ્રભુના પાવન દર્શન-અમૃતથી પારણું કરે છે. એ જ ક્ષણે આકાશમાં દુંદુભિઓ ગાજી ઉઠે છે. એક બાજુ શ્રેયાંસકુમારના આંગણે રત્નોની વૃષ્ટિ થાય છે તો બીજી બાજુ ત્યાં ભેગી થયેલ વિરાટ જનમેદનીની આંખોમાંથી આનંદના અશ્રુઓની વૃષ્ટિ થાય છે. દેવતાઓ પાંચ રંગના પુષ્પોની વૃષ્ટિ કરે છે. પ્રભુના પગલાથી પાવન થયેલી ધરતીની જાણે ફૂલપૂજા થતી હોય એવું એ દૃશ્ય છે. સુગંધી જળની વૃષ્ટિ આખા ય વાતાવરણને શીતળ અને મઘમઘાયમાન કરી દે છે. દિવ્ય વસ્ત્રોની વૃષ્ટિનું એ દૃશ્ય એવું લાગે છે જાણે આકાશ કોઈ અનોખા વાદળોથી છવાઈ ગયું હોય. **આકાશમાં દેવતાઓ રાસડા લઈ રહ્યા છે ને ધરતી પર લાખો લોકો આનંદનૃત્ય કરી રહ્યા છે. વૈશાખ સુદ ત્રીજનું આ દાન 'અક્ષય' બની ગયું. એટલા માટે જ આજે પણ 'અક્ષયતૃતીયા'નું પર્વ પ્રવર્તમાન છે.**

શ્રેયાંસકુમારને લોકો જિજ્ઞાસાથી પૂછે છે કે ''આપને આ 'દાનવિધિ'નો શી રીતે ખ્યાલ આવ્યો ?'' શ્રેયાંસકુમાર બધી જ વાત કરે છે ને પ્રભુ સાથેના પોતાના આઠ ભવોની યાત્રા પણ કહે છે. આ અવસર્પિણીના પ્રથમ સુપાત્રદાનનું શ્રેય અને સુપાત્રદાનની પરંપરાનો પ્રારંભ કરવાનું શ્રેય શ્રેયાંસકુમારને મળે છે.

જે સ્થાને પ્રભુએ પારણું કર્યું એ સ્થાન પર કોઈ પગ ન મુકે એ માટે ત્યાં શ્રેયાંસકુમાર રત્નની પીઠિકા બનાવે છે. એ રત્નપીઠ જાણે સાક્ષાત્ પ્રભુના ચરણ જ હોય એ રીતે સવાર-બપોર-સાંજ શ્રેયાંસકુમાર એ રત્નપીઠની પૂજા કરે છે. લોકો એમને પૂછે છે, કે આ શું છે ? ત્યારે શ્રેયાંસકુમાર કહે છે કે આ 'આદિકરમંડલ' છે. પછી તો પ્રભુએ જ્યાં જ્યાં ભિક્ષા લીધી ત્યાં ત્યાં લોકોએ પીઠની રચના કરી અને પાછળથી તે 'આદિત્યપીઠ' તરીકે પ્રસિદ્ધ થઈ.

પ્રભુના પારણામાંથી એક શીખ લેવા જેવી છે. પ્રભુને આપવાની વાત આવે ત્યાં આપણે શ્રેયાંસકુમાર બનવું જોઈએ. શ્રેયાંસકુમારને એક પણ ઘડો બાકી રાખવો નથી, બસ, એ તો એક પછી એક ઘડાને ઠાલવે જ જાય છે, **બહુ મજાની વાત આમાં એ બનવાની છે કે આપણે પ્રભુને જે આપીએ એમાંથી કશું ય ઢળવાનું નથી, એક ટીપું સુદ્ધા નહીં, એ ફક્ત વધવાનું છે.** થોડું તો ભિખારીને અપાય. ભગવાનની સમક્ષ તો આપણું સર્વસ્વ, આપણું જીવન ને આપણી જાત સુદ્ધા ધરી દેવાની હોય. શ્રેયાંસકુમારે એકાદ ઘડો પણ 'સ્પેર'માં મુકી રાખ્યો હોત, તો કદાચ આપણે એમનું નામ સુદ્ધા જાણતા ન હોત. યાદ આવે **પંચાશક ટીકા** –

**का भक्तिस्तस्य येनाऽऽत्मा सर्वथा न नियुज्यते ।**
**अभक्तेः फलमेवाहु - रंशेनाप्यनियोजनम् ॥**

**જે પોતાના આત્મા સુદ્ધાને સમર્પિત કરી દેતો નથી, એનામાં હકીકતમાં શું ભક્તિભાવ છે ? અરે, એક અંશ પણ બાકી રાખવો એની પાછળ અભક્તિ જ કામ કરતી હોય છે.** માત્ર વર્ષીતપ આપીને સર્વ મંગલ ન કરો. ભગવાનને આખું જીવન આપો. શક્ય બને તો દીક્ષિતરૂપે ને શક્ય ન બને તો અદીક્ષિતરૂપે પણ જીવનસમર્પણ તો પ્રભુને જ.

આ જીવન સંસારની ગટરમાં વેડફી નાંખવા માટે નથી. આ જીવન વિષયોના વિષમાં ડુબી મરવા માટે નથી. આ જીવન પૈસાની હૈયાહોળીમાં સળગાવી નાંખવા માટે નથી. આ જીવન તો પ્રભુના ચરણમાં સમર્પિત કરીને સાર્થક કરવા માટે છે. આ જીવન તો પ્રભુની આજ્ઞાને શ્વાસ બનાવીને ધન્ય કરવા માટે છે.

**આપણે પણ શ્રેયાંસકુમારના સૌભાગ્યને પામી શકીએ છીએ. બસ, બધું જ પ્રભુની અંજલિમાં ઠાલવી દઈએ. પછી તો રત્નત્રયીની વૃષ્ટિ થશે. પંચાચારના પંચરંગી પુષ્પો વરસશે. દયાની દુંદુભિનો નાદ જીવનભરમાં પ્રસરી જશે. પ્રભુ કૃપાનું દિવ્ય જળ આત્માને શીતળ અને સુવાસિત બનાવી દેશે. પુણ્યાનુબંધી પુણ્યના દિવ્ય વસ્ત્રો છેક મોક્ષ સુધી આપણા આત્માની લાજ રાખશે.**

ખરેખર, આપણે કમાઈ જઈશું, ન્યાલ થઈ જઈશું. આપણને જે કાંઈ પણ મળ્યું છે તન, મન, ધન, સમય, જીવન એ બધાંની સાર્થકતા ફક્ત ને ફક્ત પ્રભુને સમર્પિત કરવામાં છે. ભક્તિનો અર્થ આ જ છે - સર્વસમર્પણ. તો આ છે પ્રભુના ૧૩ વર્ષીતપ. પ્રભુના આંશિક અનુકરણરૂપે આપણે જે વર્ષીતપ કરીએ છીએ એ વર્ષીતપમાં આ ૧૩ વર્ષીતપ ઉમેરી દેવા જેવા છે.

I promise you, ભલે આપણે યથાશક્તિ આ ઉમેરણ કરીએ, તો ય કમ સે કમ ૧૩ વર્ષીતપનું ફળ એક વર્ષીતપથી મળી જશે. સગુણ વર્ષીતપ અને નિર્ગુણ વર્ષીતપ વચ્ચે કમ સે કમ આટલો ફરક છે. પ્રભુ કહે છે -

**''માત્ર તપનું અનુકરણ કરશો તો કદાચ તમે મને લજ્જિત કરશો. તપની સાથે સાથે મારા ગુણોનું પણ અનુકરણ કરવાનો પ્રયાસ કરજો. હકીકતમાં ઉભય-અનુકરણ એ જ મારું અનુકરણ છે. બેમાંથી કોઈ પણ એકનું જ અનુકરણ એ મારા નામે થતી મારી બદનામી છે.''** પરમ પાવન શ્રી **દશવૈકાલિક** સૂત્રના શબ્દો કેટલા તો સચોટ છે -

**विविहगुणतवोरए य णिच्चं ।**

ગજબ... અદ્ભુત... આફરીન... મોક્ષસાધક એ જે વિવિધ ગુણ સહિત એવા તપમાં હંમેશા તત્પર હોય.

**तवे रया संजमअज्जवे गुणे**

મોક્ષ-સાધક એ જેઓ સંયમ-ઋજુતા વગેરે ગુણોથી વિભૂષિત એવા તપમાં હંમેશા નિરત હોય છે. સ્યાદ્વાદમય જિનશાસન કહે છે માત્ર બાહ્ય સાધના ને માત્ર આંતર સાધના એ બંને સાધના ખોટી છે. હકીકતમાં એ સાધના જ નથી. સાચી બાહ્ય સાધના અવશ્યપણે આંતર સાધનાથી યુક્ત હોય છે. સાચી આંતર સાધના યથાશક્તિ બાહ્ય સાધના કરાવ્યા વિના રહેતી નથી. **બાહ્ય સાધનાથી જ કૃતકૃત્યપણું માનવું એ અજ્ઞાન છે, આંતર સાધનાથી જ કૃતકૃત્યપણું માનવું એ અજ્ઞાન + આળસ છે.**

સાધનાનો અર્થ ફક્ત વર્ષીતપ પણ નથી અને અહીં જણાવ્યા એ તેર વર્ષીતપ પણ નથી. સાધનાનું સરળ ગણિત આ છે → વર્ષીતપ +

તેર વર્ષીતપ = સાધના. રાત્રિભોજન ને અભક્ષ્ય સુદ્ધા નહીં છોડી શકનારા ને દિવસ-રાત ચણ ચણ કરનારા ઔદાર્યાદિ આંતર વર્ષીતપોની સાધના કરી શકે એ વાતમાં કોઈ જ માલ નથી. ખૂબ ભાગ્યશાળી છો આપ કે પ્રભુના અનુકરણ રૂપે વર્ષીતપ કરવાની તમને ભાવના થઈ. ખૂબ ખૂબ ધન્યવાદ - ખૂબ ખૂબ અભિનંદન છે તમને. હવે વિનંતી એટલી જ કે એ અનુકરણ સાચું કરજો, શુદ્ધ કરજો, પૂર્ણ કરજો. **આપના ૧૩ મહિનાના આ વર્ષીતપમાં આ ૧૩ વર્ષીતપોનું ઉમેરણ કરજો. આજીવન એનું અનુસંધાન ચાલુ રાખજો.**

આપના જીવનમાં બાહ્ય અને અભ્યંતર તપની ધારાને હંમેશા અસ્ખલિત રીતે વહેતી રાખજો. ને આ રીતે આપ અખંડ તપના સ્વામી બનજો. આપનો આ વર્ષીતપ પૂરો થાય એટલે સમજજો કે આપ અબજો રૂપિયાના આસામી બન્યા છો. પછી જો બાહ્ય સ્તરે રાત્રિભોજન, અભક્ષ્યભક્ષણ વગેરે પાપો જીવનમાં પ્રવેશ્યા અને આંતર સ્તરે તુચ્છતા, છીછરાપણું વગેરે દોષો જીવનમાં પ્રવેશ્યા તો સમજી લેજો કે તમે લૂંટાઈ ગયા.

Please, Take care, અનાદિના ભિખારીપણાને છોડીને અબજોપતિ થવાની આ સ્વર્ણિમ તક તમને મળી છે. આપ ખૂબ કમાઓ... ખૂબ ખૂબ કમાઓ... અને આજીવન એને સાચવી રાખો, ભવો ભવ એના ગુણાકારો કરો અને પરમ ઐશ્વર્ય સ્વરૂપ પરમ પદની પ્રાપ્તિ કરો એવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

Wish you the best, Really the best વર્ષીતપ.

પરમ તારક પરમ આદેય શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય

તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

વૈશાખ સુદ ૬,

વિ.સં.૨૦૭૩,

પાલડી, અમદાવાદ.

✳ ✳ ✳ ✳ ✳